# બિઝનેસ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટર

બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર્સ કંપનીના વૃદ્ધિ અને વિકાસ માટે જવાબદાર છે. તેઓ વેચાણ વધારવા માટે નવી નવી તકોનું સર્જન કરે છે, ગ્રાહક સાથે વેચાણ કિંમત/ ભાવતાલ સંબંધી વાટાઘાટો કરે છે અને કંપનીના નફાને વધારવા માટે, મહત્તમ કરવા માટે વેચાણ થકી થનારી આવકની આગાહી કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- વસ્તુઓ કેવી રીતે કાર્ય કરે છે તે સમજવામાં તમને આનંદ થાય છે
- તમને અંકો અથવા ચાર્ટ સાથે કામ કરવાનું ગમે છે
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માર્કેટિંગ, બિઝનેસ અથવા સંબંધિત ક્ષેત્રમાં સ્નાતક (BBA/BBM/BBS)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, અનુસ્નાતક (MBA) ની ડિગ્રી મેળવો

અથવા સંબંધિત વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બિઝનેસ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટરનું માસિક વેતન રૂ. ૧૨,૫૦૦ થી ૭૬,૨૫૦* જેટલું હોય છે.

સ્રોતઃ https://www.payscale.com/research/IN/Job=Business_Development_Coordinator/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** માર્કેટિંગ, કાનૂની સેવાઓ, રિટેલ, આરોગ્ય સંભાળ સેવાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત અન્ય સંસ્થાઓ

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાની જવાબદારી નિભાવવાની રહેતી નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે કારણ કે સંભવિત ગ્રાહકોને મળવા માટે તમારે મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરો તેવી સંભાવના છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

બિઝનેસ ડેવલપમેન્ટ ઈન્ટર્ન → બિઝનેસ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટર → બિઝનેસ ડેવલપમેન્ટ એસોસિયેટ → બિઝનેસ ડેવલપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ → સિનિયર બિઝનેસ ડેવલપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ → બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર → બિઝનેસ ડેવલપમેન્ટ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બિઝનેસ ડેવલપમેન્ટ સ્પેશ્યાલિસ્ટ, બિઝનેસ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટર, બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. દિલ્હી યુનિવર્સિટી
૮. રેવેનશો યુનિવર્સિટી, કટક
૯. ગર્વમેન્ટ કોલેજ ઓફ કોમર્સ એન્ડ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ચંદિગઢ
૧૦. અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૨. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૩. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૪. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૫. જામિયા હમદર્દ, નવી દિલ્હી
૬. એઈમ્સ ઈન્સ્ટિટ્યુટ, બેંગલુરૂ
૭. એમઆઈસીએ, અમદાવાદ
૮. ટેકનો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા
૯. હિન્દુસ્તાન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, પશ્ચિમ બંગાળ
૧૦. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ, ભારતી વિદ્યાપીઠ, પુણે

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સંકેત શર્મા** કોર્પોરેટ નાઈટ્સ મેગેઝીનમાં બિઝનેસ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટર છે. પ્રકાશન ક્ષેત્રમાં કામ કરતા પહેલા, શ્રી શર્માએ સ્ટાર્ટ-અપ અને વિવિધ નાણાકીય સંસ્થાઓમાં બિઝનેસ ડેવલપમેન્ટ અંગેની કામગીરી સંભાળી હતી. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી મેનેજમેન્ટ (બી.એમ.એસ.)માં સ્નાતકની ડિગ્રી મેળવી છે અને સેન્ટેનિયલ કોલેજના પુસ્તક, મેગેઝિન અને ઈલેક્ટ્રોનિક પબ્લિશિંગ પ્રોગ્રામના સ્નાતક છે.*

સ્રોત: https://www.corporateknights.com/masthead/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.